ગાંધીનગર સમાચાર
તા. ૨-૪-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### પોલિટિકલ વિરુદ્ધ ગ્લેમર

ચૂંટણીજંગના મુખ્ય મહારથીઓ સામે કોણ મેદાનમાં ટકી શકે એ પ્રશ્ન દરેક રાજકીય પક્ષને મૂંઝવતો હોય છે. અત્યાર સુધીની ચૂંટણીઓમાં એક બાંધી મૂઠીનો ભ્રમ સચવાતો રહ્યો છે. પક્ષના વડા કે મહત્વના નેતા સામે મજબૂત ઉમેદવાર મૂકી એમને મૂંઝવવા કરતાં પ્રતીકાત્મક લડત આપવાનો વિવેક ચાલતો રહ્યો છે. એ રીતે જોતાં વાજપેયી કે અડવાણી સામે કોંગ્રેસે ક્યારેય બહુ મજબૂત ઉમેદવારો ઉતાર્યા નથી. અડવાણી વિરુદ્ધ રાજેશ ખન્ના જેવા ફિલ્મી ઉમેદવારને ચૂંટણી લડાવી ત્યારે કોંગ્રેસની ટીકા પણ થયેલી. જો કે ત્યારે અડવાણી જ જીત્યા હતા. પ્રજા પાસે રાજકારણીઓને પણ હંફાવે એવી 'સિક્સ્થ સેન્સ' હોય છે. આ છઠ્ઠી ઈન્દ્રિય એને નીરક્ષીર વિવેક શીખવે છે. અમેઠીએ રાજીવ ગાંધીના સમયથી ગાંધી પરિવારની જાગીર જેવી બેઠક રહી છે. રાયબરેલી ઈન્દિરા ગાંધીની બેઠક તરીકે આજપર્યંત ગાંધી પરિવારના કબજામાં રહેતી આવેલી સંસદની બેઠક છે. સુલતાનપુર અને ફૂલપુર પણ નહેરુ-ગાંધી પરિવારના પ્રભાવ હેઠળની બેઠકો છે. આમ જુઓ તો આઝાદી પછી મૃત્યુપર્યંત દેશના વડાપ્રધાન પદે એક ચક્રી શાસન ચલાવનાર પંડિત જવાહરલાલ નહેરુએ ગુલામીમાં સબડતા દેશને વિશ્વના મહાન લોકશાહી રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કરવામાં સૌથી મોટું યોગદાન આપ્યું હોઈ પ્રજા એમને અને એમના વારસદારોને કૃતજ્ઞ ભાવે સ્વીકારે બલકે એમને ચૂંટી મોકલવામાં ગૌરવ અનુભવે તે સ્વાભાવિક પણ છે. અમેઠીના રાજવી પરિવાર સાથેના ખટમીઠા સંબંધો પછી પણ અમેઠી સંસદીય વિસ્તાર ગાંધી પરિવારને અનુકૂળ રહ્યો છે. દેશના સૌથી પ્રતિષ્ઠિત અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પોલિટિકલ પરિવાર માટે આવા સલામત મતવિસ્તારો જરૂરી પણ ગણાય. કટોકટી પછીની સામાન્ય ચૂંટણીમાં રાયબરેલી જેવા સલામત મતવિસ્તારમાં જયપ્રકાશ નારાયણના વડપણ હેઠળ આરંભાયેલી 'ઈન્દિરા હટાવો, દેશ બચાવો' ઝૂંબેશટાણે વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સામે રાજનારાયણ જેવા ડાઉન-ટુ અર્થ પ્રતિસ્પર્ધીને ઝળહળતી ફતેહ સાંપડી હતી. એ રીતે જોતાં મહારથીઓને પરાજિત ન જ કરી શકાય- એવા ખોટા ભ્રમમાં રાચવાની જરૂર નથી. પરંતુ કોંગ્રેસના યુવાન નેતા અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા નહેરુ ગાંધી પરિવારના 'યુવરાજ' રાહુલ ગાંધી સામે અમેઠી સંસદીય વિસ્તારથી તદ્દન અજાણ એવાં કચકડાની દુનિયાનાં વહુજી- સ્મૃતિ ઈરાની કેટલાં ટકી શકે તે સમય જ કહેશે. ફક્ત ગ્લેમર કે વાક્ચાતુર્યથી ચૂંટણી નથી જીતી શકાતી. મતદારો સાથે ઘરોબો કેળવવો પડે છે. રાહુલ ગાંધીએ પરિવારની પરંપરાગત બેઠકને પૂરેપૂરી સીંચી છે. એમના વ્યસ્ત કાર્યક્રમોમાંથી વખત ફાળવીને તેઓ પોતે અને એમનાં બહેન પ્રિયંકા અવારનવાર અમેઠી અને રાયબરેલીની મુલાકાત લેતાં રહ્યાં છે. સોનિયા ગાંધીએ આ બેઉ બેઠકોનું ખૂબ જતન કર્યું છે. અગાઉ રાજીવ ગાંધીના સમયમાં અને તે પછી નરસિંહરાવ સરકારે તેમજ મનમોહનસિંહના વડપણ હેઠળની યુપીએ સરકારે પણ આ બેઠકોની વિશેષ કાળજી લઈ કોંગ્રેસનો ગઢ જળવાઈ રહે એવું જડબેસલાક આયોજન કર્યું છે, તેથી સ્તો જયારે આખા ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનું સખત ધોવણ થયું તેવા સમયગાળામાં પણ આ બેઠકો જંગી બહુમતીથી કોંગ્રેસ જીતતી રહી છે. આ વખતે રાહુલ ગાંધી સામે પહેલો પડકાર આમ આદમી પાર્ટીના બોલકા નેતા કુમાર વિશ્વાસે ફેંક્યો હતો. કુમાર વિશ્વાસને અમેઠીમાં સામા પૂરે તરવાનું છે એની પ્રતીતિ થઈ ચૂકી છે અને હવે તો સમગ્રપણે આમ આદમી પાર્ટીની લડાયક મુદ્રામાં પણ ઓટ આવતી વરતાઈ રહી છે. ઘણા જાહેર કરાયેલા ઉમેદવારોએ ચૂંટણી જંગમાંથી ખસી જવામાં શ્રેય જોયું છે. સમાજવાદી પાર્ટીએ શરૂથી જ અમેઠી અને રાયબરેલીમાં ઉમેદવારો નહીં મૂકવાનો વિવેક દાખવ્યો છે. પરંત ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના દાવેદાર નરેન્દ્ર મોદી એવી ઉદારતા દાખવે એવી અપેક્ષા ન જ હોય. એમણે લાંબી મથામણને અંતે સ્મૃતિ ઈરાનીને રાહુલ સામે ચૂંટણી લડવા આદેશ કર્યો છે, જેનું પરિણામ અગાઉથી ભાખી શકાય એમ છે. રાયબરેલીની બેઠક માટે સાધ્વી ઉમા ભારતીને શૂળીએ ચડાવવાની ચાલ સફળ થઈ નથી. ઉમા ભારતી નાહકની નામોશી વહોરવા સહમત ન થયાં. એમને તો ભોપાલની સલામત બેઠક પરથી ચૂંટણી લડવી હતી, એને બદલે ઝાંસીની બેઠક અપાઈ હતી. હવે ઝાંસી છોડીને રાયબરેલી જઈ ચૂંટણીની હોળીમાં હોમાઈ જવાની એમની તૈયારી નથી. તેથી નાછૂટકે અજય અગ્રવાલ જેવા ભડભડિયા વકીલને એ બેઠક બઝાડી દઈ પાર્ટીએ મન વાળી લીધું છે. જો ખરેખર પરિવારના જ બે વારસદારોને કે બે વહુવારુઓને સામસામાં ઉતારી દીધાં હોત તો ખેલ વધુ રોમાંચક બની શકત. અલબત્ત, મેનકા ગાંધી કે વરુણ એવી રીતે પોતાની ગરિમા હોડમાં મૂકવા ભાગ્યે જ તૈયાર થયાં હોત. કુમાર વિશ્વાસ અને અજય અગ્રવાલ સાધારણ જનસામુદાયના માણસો છે. પરંતુ એમનો એ મતવિસ્તારો સાથે કોઈ વિશેષ સબંધ નથી. પ્રજાકીય લડત તો સ્થાનિક ઉમેદવારને જંગમાં ઉતારીને જ અપાવી ઘટે. રાજકીય સેલિબ્રિટી બની ગયેલી હસ્તીઓને જનસાધારણ નજરમાં વસતા જ નથી, એનું આ દુષ્પરિણામ છે. લોઢાથી લોઢું કાપવાના ન્યાયે સેલિબ્રિટીઝ સામે ગ્લમેરવર્લ્ડની સોલિબ્રિટી ઉતારવાનો ઉપક્રમ વખાણવા લાયક નથી. લોકશાહી એટલી કાચી જ કહેવાય કારણ કે પ્રજાનું પ્રતિનિધિત્વ આકાશમાંથી નહીં, ધરતીમાંથી પ્રગટવું જોઈએ. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ એમના મતવિસ્તારોની કાળજી લીધી હશે, એમાં બે મત નથી, પરંતુ એમણે સ્થાનિક મતદારોનો નેતૃત્વ કરવાનો હક તો છીનવ્યો જ છે.



## ગુજરાતની ટીમે નેશનલ સ્કૂલ રોપ સ્કીપીંગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો

દિલ્હીના ત્યાગરાજ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે રાષ્ટ્રીય કક્ષાની સ્કૂલ ગેમ્સમાં રોપ સ્કીપીંગ સ્પર્ધામાં ગુજરાતની ટીમે કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. તસવીરમાં ગુજરાતની ચંદ્રક વિજેતા ટીમ દશ્યમાન થાય છે. જેમાં (ઉભેલા-ડાબેથી) રોપ સ્કીપીંગ ફેડરેશનના રીજીયોનલ ડાયરેકટર સંદીપ ગડે, વાઈસ પ્રેસિડેન્ટ નિર્દેશ શર્મા, રેફરી વિવેક સોની, ગુજરાતના કોચ ભરતજી ઠાકોર, (બેઠેલા-ડાબેથી) ખેલાડીઓ અમરસિંહ ઠાકોર, કેયુર પટેલ, વિજયસિંહ, યુવરાજસિંહ વાઘેલા, હિરેનકુમાર પરમાર. અત્રે ઉલ્લેખનીય છે કે અમરસિંહ ઠાકોર, કેયુર પટેલ અને યુવરાજસિંહ વાઘેલા ત્રણે ખેલાડી ગાંધીનગરની પ્રેરણા વિદ્યાલયના છે. જયારે વિજયસિંહ સાબરકાંઠાના ગંભીરપુરા પ્રાથમિક શાળા અને હિરેન પરમાર ખેડાના નેસ ગામની મારૂતિ હાઈસ્કૂલના વિદ્યાર્થી છે. જેમાં અમરસિંહ વાઘેલા સિવાયના ચારે ખેલાડી રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રક વિજેતા ખેલાડીઓ છે!

## 'અક્કુપાર' નાટક યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર ટાઉનહોલ ખાતે ધ્રુવ ભટ્ટ લિખિત અને શ્રીમતી અદિતી દેસાઈ દિગ્દર્શીત 'અક્કુપાર' નાટક તા. ૫ એપ્રિલ શનિવાર રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે. ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કચેરી અને સંસ્કૃતિ સંસ્થાના સહયોગથી નાટક પ્રસ્તુત થશે.

## હરિની દૃષ્ટિ...




મમ્મી આમને મેં કાલે એપ્રિલ ફુલ બનાવ્યા હતા તેમાં પડી ગયા હજું ઉઠતા નથી, તો એ મને એપ્રિલફુલ બનાવે છે કે તેને હોસ્પિટલ લઇ જાઉં...!?!




મે તેરા હિરોના કલાકારો વરુણ ધવન અને ઈલિયાના અમદાવાદના મહેમાન બન્યા હતા.

# પ્રતિબંધ છતાં અમદાવાદમાં ૨૦૦૦ ટ્યુશન કલાસીસ છે

## ડીઈઓ કચેરીના અધિકારીઓ ટ્યુશન ક્લાસીસને લઈને વાકેફ છતાં પણ પગલાઓ લેવામાં ખચકાટ અનુભવે છે

અમદાવાદ, તા.૦૧

નિયમ મુજબ શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો ટ્યુશન કરી શકતા નથી. તેમના પર સરકારે પ્રતિબંધ મુકેલો છે. આમ છતાં એકલા અમદાવાદમાં જ ૨૦૦૦થી વધુ ટ્યુશન કલાસીસો ધમધમી રહ્યા છે. આઘાતની વાત એછે કે ડીઈઓ કચેરીના અધિકારીઓ આ બાબત જાણતા હોવા છતાં કોઈની સામે કાર્યવાહી કરાતી નથી. એટલું જ નહીં પુરાવાઓ સાથે ફરીયાદો અપાયા છતાં શિક્ષણ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ જવાબદારી એકબીજા પર ઢોળી રહ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ શાળાના શિક્ષકો દ્વારા ખુલ્લેઆમ ટ્યુશન કલાસીસો ચલાવતા હોવાથી તેને બંધ કરાવવા માટે તાજેતરમાં જ શિક્ષણમંત્રી તથા શિક્ષણ વિભાગમાં લેખિતમાં ફરીયાદ કરઈ હતી. જેમાં ક્યાં વિસ્તારમાં અને કઈ શાળાના શિક્ષકો ટ્યુશન કરાવે છે તેની યાદી પણ અપાઈ છે. ફરીયાદમાં જણાવાયું છે કે ધોરણ-૧૦માં શાળા દ્વારા ૩૦ ગુણ અપાતા હોવાતી શિક્ષકો વિદ્યાર્થીઓને ૩૦માંથી ૩૦ ગુણ મેળવવા હોય તો અમારૂં ટ્યુશન રાખવું પડશે. એવી ધમકી આપી ટ્યુશન કલાસીસ માટેનો આગ્રહ રખાય છે. આવા શિક્ષકો પોતાની ઘરે કે કલાસીસમાં ટ્યુશન કરાવીને વર્ષે ૧૫ થી ૩૦ લાખ રૂપિયાની કમાણી કરે છે. ટ્યુશન નહીં રાખનારા વિદ્યાર્થી, વાલીઓને ખરાબ રીતે ટોર્ચર કરવામાં આવે છે. આ તમામ વિગતો જગજાહેર હોવા છતાં શિક્ષણ ખાતાનું વિજીલન્સ ડિપાર્ટમેન્ટ આંખે આડા કાન કરે છે. શાળાઓ પર જેનો સીધો અંકુશ છે એવી ડીઈઓ કચેરી પણ મુક પ્રેક્ષક બનીને તમાસો જોઈ રહી છે. ફરીયાદમાં આક્ષેપ કરાયો છે કે ટ્યુશન કરાવવામાં આચાર્યો અને સંચાલકોની સંડોવણી તો છે જ. એટલું જ નહીં, ઉચ્ચ અધિકારીઓ સુધી નિયમિત હપ્તા પણ પહોંચી રહ્યા છે. પુરાવાઓ સાથે ફરીયાદ મળતાં શિક્ષણમંત્રીની કચેરીની સુચનાને પગલે સ્કુલ કમિશ્નરે ડીઈઓને આ સંદર્ભમાં કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. જ્યારે ડીઈઓએ પણ કોઈ પગલા લેવાને બદલે તમામ શાળાના આચાર્યો-સંચાલકોને પરિપત્ર કરી દીધો હતો, જેમાં જણાવાયું છે કે શિક્ષકોને ટ્યુશન કરવા પર પ્રતિબંધ છે. જો તમારા શિક્ષકો ટ્યુશન કરાવતાં હોવાની ફરીયાદ મળે કે આવી માહિતી હોય તો તુરંત પગલા ભરવા. જો તમે કાર્યવાહી નહીં કરો તો શાળા સંચાલક મંડળ વિરૂદ્ધ શિક્ષાત્મક પગલા ભરાશે.

### ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં આજે રસાયણ વિજ્ઞાન

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૨ની પરીક્ષાનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. આવતીકાલે વિદ્યાર્થીઓ રસાયણ વિજ્ઞાનનું પેપર આપશે. આ પ્રશ્નપત્ર બે ભાગમાં લેવામાં આવશે, જેમાં પાર્ટ-એમાં બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો હશે જેના ૫૦ માર્ક રહેશે. અને તેને લખવા માટે ૬૦ મિનિટનો સમય આપવામાં આવશે, જ્યારે પાર્ટ-બીમાં વર્ણનાત્મક પ્રશ્નોનો હશે જેમાં પણ ૫૦ માર્ક રહેશે. પાર્ટ-બી સોલ કરવા માટે વિદ્યાર્થીઓને ૧૨:૦૦થી ૨:૦૦ કલાકનો સમય અપાશે જ્યારે ૧૦:૩૦ થી ૧૦:૪૫ નો સમય ઓએમઆર પત્રની વિગતો ભરવા અને ૧૦:૪૫ થી ૧૧:૪૫નો સમય પાર્ટ-એ લખવા માટે અપાશે.

## 'ભારત અને આમૂલ ક્રાંતિ-એક મંથન' પુસ્તકનું વિમોચન

અમદાવાદ, તા.૧

ગુજરાત અને મુંબઈ હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ વિનુભાઈ ભૈરવિયા દ્વારા લિખિત પુસ્તક 'ભારત અને આમૂલ ક્રાંતિ-એક મંથન'નું વિમોચન લેખક અને પત્રકાર કાંતિ ભટ્ટના હસ્તે કરવામાં આવશે.

અમદાવાદ ગજ્જર હોલમાં તા. ૮ એપ્રિલ મંગળવાર સાંજે ૪ થી ૬ કલાકે યોજાશે. જેમાં ન્યાયમૂર્તિ એમ.બી. શાહ-ચેરમેન, લૉ-કમિશન, ગુજરાત રાજય, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ડૉ. એમ.એમ. પ્રભાકર, ઘનશ્યામભાઈ અમીન ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે જાણીતા લેખક ડૉ. કેશુભાઈ દેસાઈ 'ભારત અને આમૂલ ક્રાંતિ-એક મંથન' પુસ્તક વિશે વિસ્તૃતમાં પરિચય આપશે. પુસ્તક વિમોચનમાં સાહિત્યકારો, લેખકો સહિત મોટી સંખ્યામાં બુદ્ધિજીવીઓ ઉપસ્થિત રહેશે.

# અમે બાળકો પાસેથી શું શીખ્યા? બાળ સાહિત્ય પર પરિસંવાદ યોજાશે

અમદાવાદ, તા.૧

સામાન્ય રીતે બાળકોને રાજી કરવા માટે માતા-પિતા દ્વારા વાર્તાઓ કહેવામાં આવતી હોય છે. વાર્તા સાંભળી બાળક ખુશી અનુભવતું હોય છે ત્યારે ગુજરાતી લેખક મંડળ અને ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે બાળ સાહિત્ય લેખનમાં વૈજ્ઞાનિક અભિગમ પર પરિસંવાદ અને મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાશે.

બાળ સાહિત્ય પર અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠ, અહિંસા શોધ ભવન ખાતે તા. ૯ માર્ચ રવિવારે સવારે ૯ થી ૫ દરમિયાન કાર્યક્રમ યોજાશે. જેમાં બાળકોના વય જૂથ પ્રમાણે બાળ સાહિત્ય બાળ માનસ પર કેટલું અસર કરે છે તેની માહિતી આપવામાં આવશે.

કાર્યક્રમ અલગ અલગ એમ ત્રણ બેઠકમાં યોજવામાં આવશે. પ્રથમ બેઠકમાં અમને બાળકો પાસેથી શું શીખ્યા? વિષય પર કરસનદાસ લુહાર, મનહર જમીલ, માલિની શાસ્ત્રી અને બાળકોની ભાષા-વિકાસ પર નીલોત્પલા ગાંધી માહિતી પુરી પાડશે.

બીજી બેઠકમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં કાર્યરત શિક્ષકો સાથે અલગ અલગ જૂથ બનાવી ચર્ચા કરવામાં આવશે. જેમાં બાળકોની અંદર રહેલ કૌશલ્ય વ્યકિતઓ, વાર્તા કથન અને ગીત ગાનમાં બાળકોની રુચી કેવી હોય છે તેની ચર્ચા કરવામાં આવશે.

તેમજ ત્રીજી બેઠકમાં યશવંત મહેતાના અધ્યક્ષસ્થાને આગળની બેઠકમાં ચર્ચાયેલા વિવિધ મુદ્દાઓની સંયોજક દ્વારા ચર્ચા ઉંડાણપૂર્વક કરવામાં આવશે અને મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાશે. જેમાં મંડળના અવસાન પામેલા સભ્યોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે તેમજ એક દાયકા સુધી સેવા આપનાર યશવંત મહેતાનું સન્માન કરવામાં આવશે.

# ચૂંટણીપર્વના આરાધ્ય દેવતા કોણ ?

રાજા ભોજ અને પંડિત માઘ જંગલમાં ફરવા ગયાં. સાંઢ ઢળવા આવી. રસ્તો ભૂલ્યા હતા. એક માજી ચકલા ઉડાડતા હતાં. રાજા કહે : 'આ માજીને રસ્તો પૂછો પંડિત.' માઘ કહે ' આ અભણ ડોશીને દિશાની પણ ખબર નહીં હોય, એ શું રસ્તો બતાવશે.' માજી સાંભળી ગયા. પણ મૌન રહ્યા. પંડિત કહે, 'માજી આ રસ્તો ક્યાં જાય છે?' અમે મુસાફર જીએ. માજી કહે 'રસ્તો અહીં જ રહેવાનો. મુસાફર ચાલ્યા જાય. ને મુસાફર બે છે સૂરજ અને ચંદ્ર, તમે કોણ છો?.' પંડિત કહે, 'અમે પરોણા છીએ. ડોશી પરોણા બે જ છે. ધન અને બીજું યૌવન. તમે કોણ છો? પંડિત કહે, રાજા છીએ અમે. ડોશી કહે, રાજા બે જ છે ઈન્દ્ર અને યમરાજ. ડોશી કહે તમે કોણ છો? માઘ કહે, ક્ષમાશીલ. જોશી કહે ક્ષમાશીલ બે જ છે. પૃથ્વી અને સ્ત્રી. તમે તો... માઘ કહે, પરદેશી. ડોશી કહે પરદેશી બે જ છે. જીવ અને વૃક્ષનું પાન. માઘ કહે, તો અમે ગરીબ છીએ. ડોશી કહે, ગરીબ બે જ છે. ગાય અને દીકરી. માઘ રહે, માજી અને આપનાથી હાર્યા છીએ. હારેલા બે જ છે. દિકરીનો બાપ અને દેવાદાર. પછી રાજા ભોજ વચ્ચે બોલ્યા. માજી આપ તો વિદ્વાન છો. કયાં ભણ્યા છો? ડોશી કહે, રાજા ભોજ અને માઘ પંડિતના રાજમાં ડોશી અભણ ન હોય. તમને જરૂર દિશા દર્શન કરાવશે. તમે જે રસ્તે ઉભા છો તે ઉજ્જૈન જશે. આ પ્રયાસ કરો. આ તો માઘ પંડિતને થોડો પરિચય આપતી હતી. માઘે ક્ષમાયાચના સાથે વંદન કર્યા. બુદ્ધિમાન વંદનીય છે. આ છે ભારતીય રાજનીતિનો બોલતો પુરાવો.

ઉત્તમ નેતૃત્વ અંગે માર્ટીન લ્યૂથરે કિંગે કહ્યું છે કે, **(A grenuine leader is not a searcher for consensus but a molder of consensus.- Martin Luther King Jr.)** અસલ નેતા એ નથી જે પીછેહઠ કરે, પણ નેતા એ છે જે લોકોને પોતાની પાછળ લાવવા રાજી કરે. વળી તેમણે ધિક્કારની રાજનીતિ અંગે ખૂબ સરસ વાત જણાવી છે. **(Darkness cannot drive out darkness; only light can do that. Hate cannot drive out hate; only love can do that. - Martin Luther King Jr.)** અંધકાર દૂર કરવા પ્રકાશની જરૂર છે, ધિક્કારની નહીં.' જેમ લગ્ન માટે વર કે કન્યાની પસંદગી ખૂબ વિચાર્યા બાદ કરીએ છીએ. તેવી રીતે પાંચ વર્ષ જેને આપણે આપણા વિસ્તારની વિકાસની, શિક્ષણની, નવી યોજનાઓની અને એ ઉપરાંત મોટાભાગની જવાબદારી સોંપવાના છીએ તેની પસંદગીમાં આપણે બેદરકાર રહીએ તો એ સામાન્ય ભૂલ તો ન જ ગણાય.

ચૂંટણી એ લોકશાહીની વસંતઋતુ છે. તેમાં આપણે ઉત્સાહી, સમજૂ અને સેવાભાવી ઉમેદવારોને શોધીને લોકશાહીની પ્રક્રિયાથી સરકારમાં મોકલવાનો છે. શિક્ષિત વ્યક્તિની વ્યાખ્યા શું? પોતાનો નિર્ણય વિચારીને કરી શકે તે શિક્ષિત. આપણે લોકો આગળ જાત જાતની ફરિયાદો કરીએ કે આ દેશનું શું થશે? બધા નેતાઓ લૂંટ ચલાવે છે, ( એટલે આપણે પણ લૂંટ ચલાવવાની?) અરે પણ, ચૂંટણીને દિવસે જો ઘરે બેસી રહીએ તો આપણને કોઈ ઉમેદવાર કે લોકશાહી વિશે બોલવાનો કોઈ અધિકાર નથી.

### વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

આખું વર્ષ આપણે કર્મચારી, સંબંધી, મિત્ર, પિતા, માતા, વિદ્યાર્થી અને એવા બીજા અનેક કર્તવ્યો પૂર્ણ કરીને આપણો વ્યક્તિગત ધર્મ પૂર્ણ કરીએ છીએ. પરંતુ પાંચ વર્ષે આવતી લોકશાહીની પસંદગીની ચૂંટણી આપણને એવા માર્ગ ઉપર ઊભા રાખી દે છે કે જ્યાંથી આપણે દેશને દિશા આપનાર ઉમેદવારને પસંદ કરી શકીએ છીએ. આપણી નવરાશની પળોમાં રાજકારણ આપણો ગમતો પ્રિય વિષય છે. તેની ચર્ચા પણ મનભરીને કરીએ છીએ. કેટલાક માટે તો એ એક પાચનશક્તિનું કામ કરે છે. આજે જયારે ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે આપણી વિચાર શક્તિને સક્રિય બનાવીએ તો કદાચ આપણી પસંદગી ઉપર આપણે ગૌરવ થાય. પાંચ વર્ષ આપણે નાગરિક ધર્મ સારી રીતે પૂર્ણ કરીએ છીએ પણ જો આપણી નેતાની પસંદગીના સમયે જો કામ ન થાય તો નાગરિક ધર્મ અધૂરો ગણાય.

આજે જે વાતાવરણથી આપણે ઘેરાયેલા છીએ તેવાં રાજકારણ વિશે વિચારીએ. વિચારધારાથી પક્ષ જન્મે છે. શરૂઆતમાં તેમાં નિષ્ઠાવાન લોકો જોડાય છે. પછી સમય જતાં તેમની નિષ્ઠા રંગ લાવે છે. પક્ષ બની જાય છે મોટો અને લોકોને ખેંચીને લાવનાર પ્રેરણા બની જાય છે આ જ પક્ષ. એક કરતાં અનેક વિકલ્પો માણસને મળે એટલે તે વિચારતો થાય છે. પણ લોકશાહીનો આત્મા કોણ છે? સેવા અને જાગૃતિ આ બંને લોકશાહીના આત્મા સ્વરૂપ છે. સેવા હોય તેમાંથી જ જાગૃતિ જન્મે છે.

લોકશાહીની કેટલીક બાબતો નિષ્ફળતા તરફ લઈ જાય ત્યારે આપણને રાજાશાહી યાદ આવી જાય છે. જાણે કે આપને તેનો અનુભવ ધરાવતા હોઈએ. આપણને ધ્યાનમાં ન હોય તેવા કામો જે રાજનેતાને યાદ આવે તો તે સાચા રાજનેતા કહેવાય.

રાજનીતિની મજા એ છે કે રોજિંદા જીવનમાં એ ઓછી ઉપયોગી પણ વાતચીતમાં ગપ્પા મારવા માટેનો અગત્યનો વિષય બની રહે છે. કોઈની ચિંતા કર્યા વિના કોઈની પણ ટીકા કરી શકાય. રાજનીતિના એકેય પાઠની આપણને જાણ નથી હોતી. રાજનીતિનો પ્રથમ અને અંતિમ પાઠ એક જ છે અને તે એટલે અંતિમ અથવા છેવાડાના માણસની ચિંતા. બે ધનવાનો રીસાઈ જશે તો વાંધો નહીં પણ ગરીબની આંતરડી ઠરવી જોઈએ.

આપણા દેશની એક વિશેષતા નોંધી રાખવા જેવી છે કે આપણા જ બાંધવો એ ભલે પ્રજા હોય કે રાજા, કેટલાક જાગૃત નાગરિકો સિવાય કોઈને પોતાના વિસ્તાર કે લોકોની કંઈ પડી નથી. બસ એક જ મુદ્દાનો કાર્યક્રમ ચાલુ રાખવાનો એ એટલે કયાંથી પૈસા મળે છે, બીજું બધુ તો થઈ પડશે. જે સ્થાને છીએ ત્યાંથી કેવી રીતે પૈસા ખંખેરવા. જે દેશની માટીમાં ભગતસિંહ અને મહાત્મા ગાંધી થયા તેની પ્રજા આમ એકદમ સ્વાર્થમાં લેપાયમાન કેમ? તેનો જવાબ તો એવો જડે છે કે, 'જે દેશનો રાજા ચોર તે દેશની પ્રજા પણ લૂંટ કરવામાં કંઈ બાકી નહીં રાખે.' જે બાળકના મા-બાપ બેદરકાર હોય તેનાં બાળકો કયારેય કાળજીવાળા ન બની શકે. જેણે બાપને કયારેય કોઈ ગરીબ કે જરૂરીયાતવાળા વ્યક્તિને મદદ કરતા જોયો નથી તે બાળક કોઈની તકલીફને પોતાની સમજી શકવાનો નથી. જૂના વખતમાં રાજા એ અંતિમ સત્ય બની તમારી વહારે કોઈપણ સ્વરૂપે આવી પહોંચતો. એ જાણે તમારા બીજા મા-બાપ!

આપણે સમાજ માટે ઘસાવા તૈયાર છીએ, પણ લોકશાહીની મજબૂતી માટે આપણે બીલકુલ બેકાળજી ધરાવીએ છીએ. કેટલાક લોકશાહીને મજબૂત કરવા માટેનાં સૂચનો.

- મતદાન કરવું અને તે માટે બીજાને પ્રેરણા આપવી.
- ઉમેદવારોને પણ પ્રશ્ન પૂછી શકાય, તેની લાયકાત, અનુભવ અને સેવાભાવનાની કસોટી કરી શકાય.
- રાષ્ટ્રભાવના જગાવવાની શક્તિ હોય તે જ નેતા સાચું નેતૃત્વ કરી શકે.
- આવનારા સમયનું જેની પાસે આયોજન કરવાની શક્તિ જેનામાં છે તે નેતા દેશને ચલાવી શકશે.
- રાજનીતિનો અર્થ સેવાથી આગળનો નથી. જે નબળા અને અજ્ઞાની લોકો છે તેમને હાથ આપે તે જ સાચા નેતા.
- દરેક વ્યક્તિનો એક ભૂતકાળ હોય છે તેમ ઉમેદવારનો પણ ભૂતકાળ જોવા પ્રયત્ન કરવો.